જીસીએફ ગ્રાઉન્ડમાં આરાધના ગાન સાથે રાષ્ટ્રગાનનો અનેરો સંગમ

ગાંધીનગર કલ્ચરલ ફોરમના જીસીએફ ગ્રાઉન્ડમાં આદ્યશક્તિના ગરબાના ગાનની સાથે રાષ્ટ્રભક્તિનું ગાન પણ ગવાય છે :બીજા નોરતે ધરતી કંદોઈ પ્રિન્સેસ બન્યા અને આકાશ ખત્રી બેસ્ટ પર્ફોર્મન્સ-પ્રિન્સ તરીકે વિજેતા થયા

ગાંધીનગર,તા.૨૮

ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબામાં આદ્યશક્તિની આરાધનાના ગાનની સાથે સાથે રાષ્ટ્રભક્તિનું ગાન પણ ગવાય છે. રોજ રોજ નવરાત્રીના ગરબાના અંતે રાત્રે ૧૨:૦૦ વાગે સૌ ખેલૈયાઓ અને ઉપસ્થિત હજારો પ્રેક્ષકો પોતાના સ્થાને ગૌરવભેર ઉભા રહીને રાષ્ટ્રગીત 'જન ગણ મન' નું ગાન કરે છે અને પછી નવરાત્રીના ગરબાનું સમાપન થાય છે. ખેલૈયાઓ અને પ્રેક્ષકો માતૃભક્તિની સાથે દેશભક્તિની લાગણીના અનેરા સમન્વયની અનુભૂતિ કરીને ગરબા ગ્રાઉન્ડમાંથી વિદાય થાય છે.

નવરાત્રીમાં ગરબામાં મ્હાલવાની સાથે સાથે મિત્રો અને પરિવારજનો સાથે અવનવા વ્યંજનોની મિજબાની માણવાની પણ અનેરી મજા છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના જીસીએફ ગ્રાઉન્ડમાં ખેલૈયાઓ અને પ્રેક્ષકો મોડી રાત સુધી વિધવિધ વાનાની મજા માણી રહ્યા છે. ગાંધીનગરમાં વખણાતી તમામ વાનગીઓના સ્ટોલ્સ જીસીએફ ગ્રાઉન્ડમાં છે.

બીજા નોરતાએ ગુજરાતના સુપ્રસિદ્ધ સુગમ સંગીત ગાયક શ્રી પ્રહર વોરાએ ગાંધીનગરને ગરબે રમાડ્યું હતું. સાથે રિયા શાહે પણ રંગત જમાવી હતી. ત્રિશા પટેલ, તર્જની જોશીપુરા, ભૂમિ શુક્લા, મૌરવી મુનશી અને હર્ષાલી દીક્ષિતે સારી સંગત કરી હતી.

ગાંધીનગર કલ્ચરલ ફોરમમાં બીજા નોરતે બેસ્ટ પર્ફોર્મન્સ પ્રિન્સેસ તરીકે ધરતી કંદોઈ અને પ્રિન્સ તરીકે આકાશ ખત્રી વિજેતા થયા હતા. આ બંન્ને કેટેગરીમાં દ્રષ્ટિ પટેલ અને હિમાંશુ બારડ રનર્સ અપ રહ્યા હતા. પાર્થ પરમાર અને પિંકી મુન્દ્રાની જોડી બેસ્ટ પેરની કેટેગરીમાં વિજેતા થઈ હતી. જ્યારે પ્રિયંકા મહેશ અને દિવ્યરાજ રાઓલની જોડી રનર્સ અપ રહી હતી.

૩૫ વર્ષથી વધુ વયના ખેલૈયાઓની બેસ્ટ કિંગની કેટેગરીમાં વિપુલ મિસ્ત્રી અને ક્વીન તરીકે વર્ષા રત્નાકર વિજેતા થયા હતા. આ કેટેગરીમાં નીરજ ગદાણી અને નેન્સી પટેલ રનર્સ અપ રહ્યા હતા. બેસ્ટ ડ્રેસ કેટેગરીમાં પ્રિન્સ તરીકે તીર્થ ગોસ્વામી અને પ્રિન્સેસ તરીકે સાક્ષી ઠક્કર વિજેતા થયા હતા. જ્યારે નીરવ પંચાલ અને ડૉ. આશીતા ઠક્કર રનર્સ અપ રહ્યા હતા. બેસ્ટ ટીનેજરની કેટેગરીમાં પ્રિન્સ તરીકે યુગ પંડ્યા અને પ્રિન્સેસ તરીકે પરિતા દવે વિજેતા થયા હતા. જ્યારે પ્રેમ માંડલિયા અને સુહાના અલી રનર્સ અપ રહ્યા હતા. ૭ થી ૧૨ વર્ષ સુધીના બાળકોની બેસ્ટ કીડ કેટેગરીમાં પ્રિન્સ તરીકે હેત ઠાકોર અને પ્રિન્સેસ તરીકે નવ્યા શાહ વિજેતા થયા હતા. જ્યારે કર્મદેવસિંહ વાઘેલા અને ક્રિષા સોલંકી રનર્સ અપ રહ્યા હતા.

કોબા ગામમાં ટીબીના જરૂરિયાતમંદ દર્દીઓને પૌષ્ટિક આહારની કીટ વિતરણ

ગાંધીનગર,તા.૨૮

માન.વડાપ્રધાન શ્રી દ્વારા વર્ષ ૨૦૨૫ સુધીમાં ટીબીને નાબૂદ કરવાનું આહવાન કરેલ છે .જેના અનુસંધાને તાજેતરમાં માન. આરોગ્ય મંત્રી દ્વારા નીક્ષય મિત્ર તરીકે ટીબીના જરૂરિયાત મંદ દર્દીને દત્તક લઈને ટીબીના દર્દીને પૌષ્ટિક આહાર કીટ આપવા માટે તમામ લોકોને આહવાન કરેલ છે જેના ભાગરૂપે સ્થાનિક કોર્પોરેટરશ્રી નો સહયોગ લઈને ગાંધીનગર કોર્પોરેશન વિસ્તારના કોબા ગામ માં કોર્પોરેટરશ્રી તરફથી ટીબીના જરૂરિયાતમંદ દર્દીઓને પૌષ્ટિક આહારની કીટ વિતરણ કરવામાં આવી. વધુમાં આ કોર્પોરેટર શ્રી દ્વારા જણાવવામાં આવ્યું કે આ દર્દીઓની સારવાર ચાલુ રહેશે ત્યાં સુધી આ અનાજની કીટ આપવામાં આવશે. આ પ્રસંગે

સ્થાનિક કોર્પોરેટરશ્રી સીટી ટીબી ઓફિસર ડો.એચ. કે. પટેલ , અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના મેડિકલ ઓફિસર , શહેરી ક્ષય કેન્દ્ર ના ટીબીએચવી કુમાર રાઠોડ અને અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કોબા ના તમામ સ્ટાફે હાજરી આપેલ. આ પ્રસંગ નિમિત્તે ટીબીના દર્દીઓને કોર્પોરેટર શ્રી દ્વારા અનાજની કીટ આપવા બદલ કોર્પોરેટર શ્રી નો શહેરી ક્ષય કેન્દ્રના સીટી ટીબી ઓફિસર ડો. એચ. કે. પટેલ દ્વારા આભાર માનવામાં આવેલ. અને જણાવેલ કે જો આવા સ્થાનિક દાતાઓ દ્વારા આવો સહયોગ મળતો રહેશે તો ટીબી હારેગા દેશ જીતેગા સૂત્રને ઝડપથી ચરિતાર્થ કરી શકીશું.

નેશનલ ગેમ્સની ચાર રમતો આઇઆઇટી ગાંધીનગર ખાતે યોજાશે

ગાંધીનગર, તા.૨૮

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી ગાંધીનગર તા.૩૦ સપ્ટેમ્બરથી ૧૧ ઓક્ટોબર સુધી યોજાનાર દેશ ૩૬મી નેશનલ ગેમ્સના યજમાન બનવા જઈ રહી છે. આઈઆઈટી ગાંધીનગર નેશનલ ગેમ્સ ૨૦૨૨ની એથ્લેટિક્સ, સ્ક્વોશ, સોફ્ટબોલ અને ટ્રાયથાલોન ઈવેન્ટ્સનું આયોજન કરવા માટે સજ્જ છે.

આ સ્પોર્ટ્સ એક્સ્ટ્રાવેગેન્ઝાના ભાગ રૂપે, આઈઆઈટી ગાંધીનગર લગભગ ૪૫ એથ્લેટિક્સ ઈવેન્ટ્સનું આયોજન કરશે, જેમાં ટ્રેક ગેમ્સમાં રિલે, ૧૦૦ મીટર, સ્પીડ વૉક, વગેરે, જમ્પિંગમાં ઊંચી કૂદ, ??પોલ વૉલ્ટ, વગેરે અને થ્રો ઈવેન્ટ્સ જેવેલિન, શૉટ પુટ, હેમર વગેરે તા. ૩૦ સપ્ટેમ્બરથી ૪ ઓક્ટોબર દરમિયાન. આ ઉપરાંત, સંસ્થા ૧ થી ૫ ઓક્ટોબર દરમિયાન સ્ક્વોશ મેચો, ૭ થી ૧૧ ઓક્ટોબર સુધી સોફ્ટબોલ અને ૯ થી ૧૧ ઓક્ટોબર, ૨૦૨૨ દરમિયાન ટ્રાયથલોનનું પણ આયોજન કરશે. દેશભરમાંથી કેટલાય રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના ખેલાડીઓ અને રમતવીરો આઈઆઈટી ગાંધીનગરના નવા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે વિશ્વ-સ્તરની રમત સુવિધાઓમાં રમવા જઈ રહ્યા છે, જે વિવિધ ઈન્ડોર અને આઉટડોર રમતો - પ્રવૃત્તિઓ માટે ઘણી ટોચની સુવિધાઓથી સજ્જ છે, જેમાં બેડમિન્ટન કોર્ટ, સ્ક્વોશ કોર્ટ, ટેબલ ટેનિસ કોર્ટ, વોલીબોલ કોર્ટ, બાસ્કેટબોલ કોર્ટ, ક્લાઈમ્બીંગ વોલ, ફૂટબોલ ગ્રાઉન્ડ, ક્રિકેટ ગ્રાઉન્ડ, એથ્લેટિક ટ્રેક, ઓલિમ્પિક સાઈઝનો સ્વિમિંગ પૂલ, યોગા હોલ, જિમ વગેરેનો સમાવેશ થાય છે.

ગાંધીનગરનો યુવા શુટર નેશનલ ગેમ્સમાં નિશાન તાકશે

ગાંધીનગરમાં રહેતા અને વડોદરાથી રમતાં યુવા શુટર વિમલ પ્રજાપતિની પસંદગી

ગાંધીનગર, તા.૨૮

ગુજરાતમાં સપ્ટેમ્બર માસથી ૩૬મી નેશનલ ગેમ્સનું સરકાર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૫માં કેરાલામાં ૩૫મી સિઝન પૂર્ણ કરવામાં આવી હતી. ત્યારે હવે ૩૬મી સિઝન માટે ગુજરાતને હોસ્ટ કરવાનો મોકો મળ્યો છે ત્યારે આગામી ૨૭ સપ્ટેમ્બરથી ૧૦ ઓક્ટોમ્બર ૨૦૨૨ દરમિયાન નેશનલ ગેમ્સ યોજાનાર છે. આ વર્ષે યોજાનારી ૩૬મી નેશનલ ગેમ્સમાં વડોદરાના ત્રણ શૂર્ટસની પસંદગી કરવામાં આવી છે જેમાં એક ખેલાડી વિમલ પ્રજાપતિ ગાંધીનગરનો રહેવાસી છે. ગુજરાતમાં પહેલીવાર નેશનલ ગેમ્સનું આયોજન થવા જઈ રહ્યુંછે. તા.૨૭મી સપ્ટેમ્બરથી ૧૦મી ઓક્ટોબર દરમિયાન રાજ્યના ૬ શહેરોમાં ૩૬મી નેશનલ ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ,

ભાવનગર, સુરત અને વડોદરામાં અલગ અલગ રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. દેશભરમાંથી હજારો રમતવીરો નેશનલ ગેમ્સમાં ભાગ લેવા ગુજરાત આવી રહ્યાં છે. મહત્વનુંછે કે, ગુજરાતમાં પ્રથમ વખત યોજાનારી નેશનલ ગેમ્સમાં અમદાવાદ ખાતે તીરંદાજી, ફૂટબોલ, શૂટિંગ, કાયાકિંગ અને કેનોઈંગફેન્સિંગ, કબ્ડી, ટેનિસ, રોવિંગ ગોલ્ફ, ટ્રાએથ્લોન, રોલર, સ્કેટિંગ, રગબી, બોક્સિંગ, સોફ્ટ ટેનિસ રમાશે. હાલ શૂટિંગની રમત માટે જે શૂર્ટસોની પસંદગી કરવામાં આવી છે તેમાં ગાંધીનગરના યુવાન અને વડોદરાથી રમતા વિમલ ચીનુભાઈ પ્રજાપતિ ઉપરાંત વડોદરાના દિતી બાબુલભાઈ ઠાકર અને મિતેશ મણીલાલ ગોહિલની પસંદગી કરવામાં આવી છે. વિમલ પ્રજાપતિની રાષ્ટ્રીય કક્ષાની રમત માટે રાજ્યના ખેલાડી તરીકે પસંદગી થતાં તેના પરિવાર સહિત શહેરના રમતવર્તુળમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

વિશ્વાસથી વિકાસ દ્વારા સમૃદ્ધિના શિખરો સર કરતું ગુજરાત

PMPAY-મા યોજના હેઠળ ૧..૪૮ કરોડ નાગરિકોને આયુષ્માન ભારત કાર્ડ અપાયા

શિક્ષણમાં આમૂલ પરિવર્તન આણતું ગુજરાત : ડ્રોપઆઉટ રેટ ૨૭ ટકાથી ઘટીને ૩ ટકાએ પહોંચ્યો

વિશ્વાસથી વિકાસ

ગુજરાત આજે દેશનું ગ્રોથ એન્જિન છે. ગુજરાતના વિકાસ મોડેલની ચર્ચા દેશ અને દુનિયામાં થઈ છે. ગુજરાતની આ વિકાસ યાત્રામાં આપણા તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસો અને તપસ્યા રહેલી છે. આજનું આ ગ્રોથ એન્જિન ગણાતું ગુજરાત ખૂબ લાંબી યાત્રા કરીને આ ઉંચાઇ સુધી પહોચ્યું છે.

એક સમયે ગુજરાતમાં વાળુ સમયે વિજળી જતી રહેતી હતી. શાળા છોડી દેવાનું પ્રમાણ વધારે હતું. ઉચ્ચ શિક્ષણ માટે આપણે ત્યાંના યુવાનોએ બીજા રાજ્યમાં જવું પડતું હતું. આદિવાસી વિસ્તારોમાં તો વિજ્ઞાનની શાળાઓ પણ ન હતી. પીયતના અભાવે મોટા ભાગના ખેડૂતો વરસાદી ખેતી કરતા હતા. ઘણા તાલુકાઓમાં ડાર્કઝોન પ્રવર્તતા હતા. ઉદ્યોગોનો વિકાસ મોટા ભાગનો વાપીથી વડોદરા સુધીમાં થયો હતો. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમના બાંધકામમાં અનેક વિઘ્નો હતા. આવી અનેક વિષમ સ્થિતિઓને બદલીને ગુજરાત આજે દેશનું અગ્રગણ્ય રાજ્ય બન્યું છે. આ વિકાસ યાત્રાને આદરણીય વડાપ્રધાનશ્રી અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, ત્યાર બાદ તમામ મુખ્યમંત્રીશ્રીઓએ, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આ વિકાસ યાત્રાને આગળ વધાવાની દિશામાં કામ કર્યું છે.

ગુજરાતને આ યાત્રામાં કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર અને રાજ્યની ભૂપેન્દ્ર પટેલ સરકારની ડબલ એન્જિન સરકારનો લાભ મળ્યો છે.

સ્વાસ્થ્ય સુવિધાઓ

આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દેશમાં અત્યાર સુધીની સૌથી મોટી જન આરોગ્ય યોજના PMJAY શરૂ કરી છે. જેના દ્વારા દેશના ગરીબ જરૂરીયાતમંદ નાગરિકોને પાંચ લાખ સુધીનું આરોગ્ય કવચ મળ્યું છે. રાજ્યના મુખ્યમંત્રી તરીકે તેમણે રાજ્યમાં

"મુખ્યમંત્રી અમૃતમ – મા" યોજના શરૂ કરી હતી. રાજ્ય સરકાર PMJAY-મા હેઠળ ૧.૪૮ કરોડ નાગરિકોને આયુષ્યમાન ભારત કાર્ડ આપ્યા છે. ગત એક વર્ષમાં રાજ્ય સરકારે ૫ લાખ ૯૩ હજારથી વધારે લોકોને ૧૫૧૬ કરોડની સહાય આ યોજના હેઠળ આપી છે. રાજ્યમાં અત્યારે ૮૨ ડાયાલિસીસ સેન્ટર કાર્યરત છે. સરકાર આવનાર દિવસોમાં દરેક તાલુકામાં ડાયાલિસીસ સેન્ટર શરૂ કરવાની દિશામાં રાજ્ય સરકાર કામ કરી રહી છે.

શિક્ષણ

આજે રાજ્યની શિક્ષણ વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન આવ્યું છે. રાજ્યનો ડ્રોપઆઉટ રેટ ૩૭ ટકા હતો તે ઘટીને આજે ૨ થી ૩ ટકા

આસપાસ પહોંચ્યો છે. રાજ્ય સરકારે હવે પ્રાથમિક શિક્ષણમાં બાળકોને સ્માર્ટ સ્કૂલ દ્વારા શિક્ષણ આપવાની શરૂઆત કરી છે. આજે રાજ્યની સરકારી શાળાઓની ગુણવત્તા અને તેમાં શિક્ષણની ગુણવત્તા સુધરી છે જેના કારણે લોકો ખાનગી શાળાઓ છોડીને સરકારી શાળાઓમાં પ્રવેશ લઇ રહ્યાં છે. રાજ્યમાં આજે સ્પેશિયલાઇઝ્ડ યુનિવર્સીટીઓની સંખ્યા વધી છે. ગત એક વર્ષમાં સરકારે ૧૧ નવી યુનિવર્સીટીઓને માન્યતા આપી છે, જેના પરિણામે રાજ્યમાં કુલ ૧૦૨ યુનિવર્સીટીઝ થઈ છે. આજે ગુજરાત બહારના વિદ્યાર્થીઓ ગુજરાતમાં ઉચ્ચ અભ્યાસ અર્થે આવી રહ્યાં છે. યુવાનોને તાલિમ દ્વારા રોજગારી પૂરી પાડવાના આદરણીય વડાપ્રધાનશ્રીના અભિગમને આગળ વધારતા રાજ્ય સરકારે રાજ્યની પહેલી ડ્રોન સ્કૂલની શરૂઆત કરી છે. ડ્રોન ટેક્નોલોજીની અદ્યતન તાલિમ લઈને રાજ્યના યુવાનો સરળતાથી રોજગારી મેળવી શકશે. રાજ્યના યુવાનોને રાજ્યમાં મેડિકલ એજ્યુકેશન મળે અને રાજ્યને સારા ડોક્ટર્સ મળે તે માટે પાંચ નવી મેડીકલ કોલેજોની મંજૂરી મેળવી છે. આ રાજ્યને મળેલો ડબલ એન્જિન સરકારનો લાભ છે.

મહિલા સશક્તિકરણ

ગુજરાત રાજ્યની મહિલાઓ પોતાના આપબળે આજીવિકા મેળવી શકે, પોતાના હુન્નર દ્વારા પગભર થઈ શકે તે માટે આપણા હાલના વડાપ્રધાનશ્રી અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં સખી મંડળોની શરૂઆતા કરી હતી. વિશ્વાસ થી વિકાસ યાત્રાને વેગ આપતા સમગ્ર રાજ્યની ૨૨ હજાર સખી મંડળની ૨ લાખ ૨૦ હજારથી વધુ બહેનોને એક જ દિવસમાં રૂપિયા ૩૦૦ કરોડથી વધુની સહાયા આપવામાં આવી છે. ગુજરાત સરકાર સખી મંડળની બહેનો દ્વારા બનાવવામાં આવેલી ચીજ વસ્તુઓને વિવિધ મેળાઓ દ્વારા બજાર પુરૂ પાડવામાં સહાય રૂપ બને છે. આ સખી મંડળો દ્વારા રાજ્યની મહિલાઓને સન્માન પૂર્વક જીવન પ્રદાન થયું છે.

ગરીબોને અનાજ

આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના ગરીબો માટ પ્રધાનમંત્રી ગરીબ અન્ન કલ્યાણ યોજના શરૂ કરી છે. જે અંતર્ગત રાજ્યની ડબલ એન્જિન સરકાર રાજ્યના ૭૧ લાખથી વધુ NFSA કાર્ડધારકોને અનાજ પૂરૂ પાડી રહી છે. ૧૫મી ઓગસ્ટના રોજ આઝાદીના અમૃતકાળના અવસરે રાજ્ય સરકારે, રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા હેઠળ સમાવવા માટેની પાત્રતા રૂપિયા ૧૦ હજારથી વધારીને રૂપિયા ૧૫ હજાર કરી છે. જેથી વધુ લોકોને અનાજ મળી શકે.

યાત્રાધામોનો વિકાસ

ગુજરાત સરકાર રાજ્યની ધર્મપ્રિય પ્રજાની આસ્થાને ધ્યાનમાં રાખીને રાજ્યના તીર્થસ્થાનોનો વિકાસ કરી રહી છે. આદરણીય વડાપ્રધાનશ્રીના હસ્તે અંદાજીત ૫૦૦ વર્ષ બાદ પાવાગઢ ખાતે કાલિકા મંદિર પર

ધ્વજારોહણ થયું અને યાત્રાળુઓની સુવિધાઓ વધે તે માટે વિકાસના કામો હાથ ધરાયા છે. અંબાજી મંદિર ખાતે ૫૧ શક્તિપીઠ પરિક્રમા પથ ખાતે યાત્રાળુઓ માટે લાઈટ એન્ડ સાઉન્ડ શૉ શરૂ થયો છે. અંબાજી-તારંગા હીલ રેલ લાઈનને મંજૂરી આપવામાં આવી છે. જેના પરિણામે ઉત્તર ગુજરાતના યાત્રાધામોની યાત્રા કરવી સુગમ બનશે,

ડિજીટલ ઇન્ડિયાને વેગ

આદરણીય વડાપ્રધાનશ્રીના ડીજીટલ ઈન્ડિયા મિશન દ્વારા દેશમાં અને સરકારી વહીવટમાં ઘણો મોટો બદલાવ અને પારદર્શીતા આવી છે.સરકારી સેવાઓ લોકોના આંગળીના ટેરવે હવે મોબાઈલથી મળતી થઈ છે. ગ્રામ્ય વિસ્તારોમાં પણ ડિજીટલ ઈન્ડિયાનો લાભ વધુ મળે તે માટે ગત ૧ વર્ષમાં ગામોમાં ફ્રિ વાઈ-ફાઈ આપવાની રાજ્ય સરકારે શરૂઆત કરી છે. પ્રથમ તબક્કામાં ૪ હજાર ગામોને આવરવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે.આ સાથે આદિવાસી વિસ્તારોમાં પણ ૫૦૦ મોબાઈલ ટાવર ઉભા કરવાની રાજ્ય સરકારે બજેટ જોગવાઈ કરી છે અને તે દિશામાં કામ હાથમાં ધર્યું છે.

કૃષિ વિકાસ

રાજ્યના ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળે તે માટે રાજ્યની ડબલ એન્જીન સરકારે પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડની રચના કરી છે, ગત એક વર્ષમાં સરકાર દ્વારા ૧૦ હજારથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી માટેની તાલિમ આપી છે. રાજ્યનો ડાંગ જિલ્લો સંપૂર્ણ પ્રાકૃતિક કૃષિ આધારિત જિલ્લો બન્યો છે. આદરણીય વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં દેશનો પહેલો નેનો યુરિયા લિકવીડ પ્લાન્ટ શરૂ થયો છે. આ નેનો યુરીયાનો રાજ્યમાં ડ્રોન દ્વારા છંટકાવ કરવાની શરૂઆત કરી છે.

સુરક્ષિત માતૃત્વ અને પોષણ

દેશમાંથી કુપોષણને મુક્ત કરવાની આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની નેમ છે. તેમની પ્રેરણાથી દેશમાં સપ્ટેમ્બર મહિનો પોષણ માસ તરીક ઉજવાઈ રહ્યો છે. રાજ્યમાં કુપોષણ મુક્તિ માટેની

અનેક યોજનાઓ કાર્યરત છે. સરકારે રાજ્યમાંથી કુપોષણ મૂળમાંથી દૂર થાય તે માટે "મુખ્યમંત્રી માતૃ શક્તિ યોજના" શરૂ કરી છે. જે અંતર્ગત રાજ્ય સરકાર ગર્ભવતી માતા અને તેના નવજાત બાળકની એક હજાર દિવસની સંભાળ લેશે. ગુજરાત રાજ્યમાં મહિલાઓના સુરક્ષિત માતૃત્વ પ્રદાન કરવા માતે મુખ્યમંત્રી તરીકે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં ચિરંજીવી અને જનની સુરક્ષા યોજના શરૂ કરી હતી. જે આજે સમગ્ર દેશની મહિલાઓ માટેની પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન બન્યું છે.

આ માટે સરકારે કુલ રૂ.૩૫ કરોડ ની જોગવાઈ કરી છે અને ૧.૪૦ લાખ એકર વિસ્તાર આવરી લેવાનું લક્ષ્ય નિર્ધારીત કર્યુ છે.

સિંચાઈ અને પાણી

ખેડૂતના ખેતરે સિંચાઈનું પાણી મળી રહે તે માટે આદરણીય વડાપ્રધાનશ્રી અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સંઘર્ષથી આપણે સહુ પરીચિત છીએ. તેઓ કદાચ પહેલા એવા મુખ્યમંત્રી હતા જેમણે પોતાના રાજ્યની યોજના માટે આંદોલન કરવું પડ્યું હતું. વડાપ્રધાનશ્રીના ભગીરથ પ્રયાસને પરિણામે આજે

કચ્છના છેવાડાના ગામ મોકુડબા સુધી પાણી પહોંચ્યું છે. કચ્છ શાખા નહેરનું ૩૫૭ કિલોમીટરનું કામ પૂર્ણ થતા હવે કચ્છના ૨.૭૮ લાખ એકર વિસ્તારને પિયતનું પાણી મળશે, સાથે જ ૯૪૮ ગામો અને ૧૦ શહેરોના લોકોને પીવાનું પાણી મળી રહેશે. રાજ્ય સરકારે કચ્છની દુધઈ પેટા શાખા નહેરના વધુ ૪૫ કિલોમીટર વિસ્તરણ માટે ૧૫૫૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. પ્રધાનમંત્રીશ્રીના નલથી જલ અભિયાન માટે રાજ્યની ડબલ એન્જિન સરકારે મિશન મોડ અપ્રોચ હાથ ધર્યો છે. રાજ્યના અંદાજીત ૯૮ ટકા ઘરો સુધી નળથી જળ પહોંચાડ્યું છે અને ટુંકા જ સમયમાં સરકાર ૧૦૦ ટકા લક્ષ્ય સિદ્ધિ હાંસિલ કરવા માટે કટિબદ્ધ છે. એસ્ટોલ પ્રોજેક્ટના લોકાર્પણ દ્વારા રાજ્યની ડબલ એન્જિન સરકારે ધરમપુર અને કપરાડાના ૪.૫૦ લાખ લોકોને પાણી પહોંચાડ્યું છે.

પોલિસી ડ્રીવન સ્ટેટ

આપણે સહુ જાણીએ છીએ કે ગુજરાતને આદરણીય નરેન્દ્રભાઈએ એક પોલિસી ડ્રિવન સ્ટેટ બનાવ્યું છે. જેને આગળ વધારતા ગત એક વર્ષમાં રાજ્યમાં નવી ગુજરાત IT અને ITeS પોલિસી, સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ અને ઈનોવેશન પોલિસી-૨.૦, બાયો ટેક્નોલોજી પોલિસી, સેમિ કન્ડક્ટર પોલિસી, સ્પોર્ટ્સ પોલિસી, ડ્રોન પોલિસી જાહેર કરવામાં છે. આ નીતિઓ દ્વારા રાજ્યમાં ઉદ્યોગો અને સ્ટાર્ટ અપને વેગ મળશે.

ગુજરાતનો આ વિકાસ, ગુજરાતની આ પ્રગતિ એ સરકારમાં લોકોનો અવિરત વિશ્વાસનું પરિણામ છે. છેલ્લા બે દાયકા થી વધુ સમયમાં વિશ્વાસ અને વિકાસ એક બીજાના પર્યાય બન્યા છે.